
# મોડાસાના અમલાઈ ટાંડા ગામે ખોદકામ દરમિયાન સોના ચાંદીના સિક્કા મળતા ચકચાર

## ૪ સોના સહિત ૧૦૦ ચાંદીના સિક્કા મળ્યા

મોડાસા, તા.૨

ઉત્તર પ્રદેશના ડૌડિયા ખેડામાં ખોદકામ દરમિયાન સોનાના સિક્કાનો વધુ ખજાનો હોવાની શકયતા છે. જિલ્લા કલેકટર ખોદકામ કરાવે તેવી માંગ ઉઠવા પામી છે. તથા ૧૦૦થી વધુ ચાંદીના સિક્કા મળી આવતા ખોદકામ કરી રહેલા મજૂરો ચાંદીના સિક્કા લઈ ફરાર



ખજાનો ભલે ન મળ્યો હોય પણ અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના અમલાઈ ટાંડા ગામના ગામમાં ખોદકામ દરમિયાન સોના તથા ચાંદીના સિકકાનો ખજાનો મળતા લોકોના ટોળે ટોળા ઉમટી પડયા હતા જેના હાથમાં જે આવ્યું તે લઈ ભારે નાસભાગ મચી હતી. આ જગ્યા પર

પ્રાપ્ત માહિતી અનુસાર મોડાસા તાલુકાના અમલાઈ ટાંડા ગામની પ્રાથમિક શાળા નજીક આવેલા પુલ પાસેના વાંધામાં ગઈકાલે નજીકના એક ઈટવાડાના માલિક દ્વારા ગામના જ ખેક ખેડૂતના ખેતરમાં માટી ખોદવાની પ્રક્રિયા ચાલતી હતી દરમિયાન ૪ સોનાના થઈ ગયા હતા. આ વાતની જાણ નજીકની પ્રાથમિક શાળાના તથા ગામના લોકોને થતા બાળકો તથા ગ્રામજનો પણ દોડી આવ્યા હતા. જેના હાથમાં જે આવ્યું હોય તેમ રીતસર લૂંટફાટ મચી હતી અને ચાંદીની ખરાઈ કરાવા કેટલાય લોકો મોડાસા સુધી દોડી ગયા હતા.

# શીત લહેરથી પ્રાંતિજની જનતા ઠુઠવાઈ

પ્રાંતિજ, તા. ૨

ઉત્તર ભારતમાં થયેલ બરફ વર્ષાના કારણે હાલ મધ્ય અને દક્ષિણ ભારતના રાજ્યોમાં પણ વાતાવરણમાં જોરદાર પલ્ટો આવી ગયો છે અને શીત લહેરથી લોકો ઠુઠવાઈ રહ્યા છે. ત્યારે ઉત્તર ગુજરાતના પ્રાંતિજ અને હિંમતનગર સહિતના તાલુકામાં પણ ઠંડી ભારે પડી રહી છે અને લોકોએ ફરજીયાત ગરમ વસ્ત્રો વિટાળીને ઘરમાં પુરાઈ રહેવાની ફરજ પડી રહી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર પ્રાંતિજ સહિતના વિસ્તારોમાં હજારો હેક્ટરમાં ખેતીલાયક જમીન આવેલી છે. પરિણામે ગામડાના લોકો ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા છે ત્યારે ખેતીકામ કરવા માટે પણ લોકોએ ગરમ વસ્ત્રો પહેરીને ખેતી કરવી પડી છે. બીજી તરફ સવારની વહેલી ઠંડીમાં પણ ઠુઠવાતા ઠુઠવાતા શાકભાજી વેચવા માટે કલાકો સુધી ઉભુ રહેવું પડે છે. તેમ છતાં શાકભાજીના ભાવ પણ મળતા નથી. આમ આ ઠંડીથી નાગરિકો, ખેડૂતોની સાથે સાથે પશુઓ પણ મોતને ભેટી રહ્યા છે. ઠંડીની સામે રક્ષણ મેળવવા લોકો ઘરમાં જ રહેવાનું પસંદ કરે છે. આગળના દિવસોમાં પણ ઠંડી વધુ પડશે તેમાં કોઈ બે મત નથી.



## પ્રાંતિજમાં મામલતદાર કચેરીની ટીમે રેતી ચોરીની આઠ ટ્રકો ઝડપી પાડી

પ્રાંતિજ નજીકના ઓરણ ગામે તંત્ર દ્વારા ચોરીની રેતી ભરેલી આઠ ટ્રકોને ઝડપી પાડી હતી અને તેમના ચાલક વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પ્રાંતિજ નજીકથી પસાર થતી સાબરમતી નદીમાં વર્ષોથી ખનીજ માફિયા બેફામરીતે ખનીજની ચોરી કરી રહ્યા છે. સરકારી તંત્રના અધિકારીઓ પણ વાર્ષિક ચોપડામાં નોંધ કરવા માટે બે-ચાર નાટકીય દરોડા પાડી કાર્યવાહી બતાવે છે. પરંતુ તુરંત જ ખનીજ માફિયાઓ પુનઃ સક્રીય થઈ દરરોજ હજારો ટન બિન અધિકૃત રીતે રેતીની ચોરી કરી રહ્યા છે. તે વસ્તુ અધિકારીઓની નજરમાં આવતી જ નથી તે વાત અચરજ પમાડે તેવી છે. નવા વર્ષના પ્રારંભે જ પ્રાંતિજ મામલતદાર કચેરી અને ખાણ ખનીજ વિભાગની ટીમે આઠેક રેતી ભરેલી ટ્રકો ઝડપી પાડી હતી અને તેમના ચાલક વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

# ભિલોડા પંથકમાં કાતીલ ઠંડીનો મોકો જોઈ બંધ મકાનના તાળા તોડી ટાબરીયા ઘરમાં ઘુસી જતાં ઘરની લાઈટો કરતાં ટાબરીયા ઝડપાયા

ભિલોડા,તા.૨

અરવલ્લી જીલ્લાના ભિલોડા પંથકમાં છેલ્લા ચારેક દિવસથી શીત લહેર કાતીલ ઠંડીનો મોકો જોઈ મુંબઈમાં વસતા રામકૃષ્ણ નાથાલાલ ત્રિવેદીના બંધ મકાનના તાળા તોડી બે ત્રણ ટાબરીયા ઘરમાં ઘુસી ગયા હતા અને ઘરમાં પ્રવેશી લાકડાના તેમજ અન્ય કબાટોનાં તાળાં તોડી માલસામાન એકઠો કરી રવાના થવાની તૈયારી થઈ રહી હતી પરંતુ બંધ મકાનમાં લાઈટો એક બે વાર ચાલું બંધ થઈ તે પછી ઘરમાં અવાજ સંભળાતાં આજુબાજુના પાડોશીઓએ મકાન માલીકના સગાંસબંધીઓને જાણ કરતાં મુકેશભાઈ પી.ત્રિવેદી તેમજ અન્ય આવી પહોંચતાં ટાબરીયાઓને ભિલોડા પોલીસને સોપેલ છે અને લેખિત ફરીયાદ પણ કરી હોવાનું જાણવા મળેલ છે.ઠંડીનો મોકો જોઈ કોઈ મોટી ઘટના ન ઘટે માટે રાત્રી પેટ્રોલીંગ વધારવાની તાતી જરૂરીયાત છે.

# પાલનપુરના ઐતિહાસિક કિર્તીસ્તંભને ચોખ્ખો કરાયો



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર, તા. ૨

જન્માષ્ટમીના શુભ દિવસથી શહેર સ્વચ્છતા ઝુંબેશ શરૂ કરી આ કાર્યક્રમ નિરંતર અને નિયમિત ચાલુ રહેશે તે વાતને પાલિકાના ઉત્સાહી પ્રમુખ હસમુખ પઢિયારે જાળવી રાખી હાલ શહેરની સ્વચ્છતાની સાથો સાથ ઐતિહાસિક, ધાર્મિક અને શહેરની શોભા સમાન ધરોહરની સ્વચ્છતાનું બીડુ પણ ઝડપેલ છે. જેને પ્રજા તરફથી ખૂબ જ સારો પ્રતિસાદ મળેલ છે. ગત સપ્તાહમાં પાલનપુર મીઠીવાવ જે અતિપ્રાચીન ઐતિહાસીક ધરોહર છે તેની સંપૂર્ણ સ્વચ્છતાની કામગીરી પૂર્ણ કરી તા. ૩૧ ડિસેમ્બરના રોજ શહેરની ઓળખ અને પ્રાચીન ઐતિહાસીક સ્થળ એવા કીર્તિસ્થંભની સંપૂર્ણ સ્વચ્છતા કામગીરી કરાવી ગંદકી, કચરાના ઢગલાં, ઝાડી-ઝાંખરા હઠાવી કીર્તિસ્થંભ સુધી પહોંચતા તમામ માર્ગોની પણ સુંદર સફાઈ કરાવી ફાયર વડે ધોવડાવેલ છે.


જોગાનુજોગ ૩૧ ડિસેમ્બરનો દિવસ હોવાથી આ સ્થળે રાત્રે રોશનીનો કાર્યક્રમ રાખવામાં આવેલ અને પ્રજાજનો માટે કીર્તીસ્થંભ ખુલ્લો મુકવામાં આવેલ. આ પ્રસંગે જિલ્લાના સાંસદ હરીભાઈ ચૌધરી, ભા.જ.પ. જિલ્લા મહામંત્રી શ્રી હિતેષભાઈ ચૌધરી, શહેર ભા.જ.પ. પ્રમુખ અનિકેતભાઈ ઠાકર, ગણપતભાઈ જોષી, પાલિકા પ્રમુખ હસમુખ પઢિયાર, સેની. ચેરમેન શ્રી અનિલ ચર્કવર્તિ, શહેર ભા.જ.પ. ઉપપ્રમુખ અતુલભાઈ ચોકસી, જિલ્લા મહીલા પ્રમુખ કુસુમબેન રાવલ, બક્ષી મોરચા મહામંત્રી મહેશભાઈ લીંબાચીયા, બક્ષીમોરચા પ્રમુખ દિનેશભાઈ પંચાલ, તુલસીભાઈ લોહાણા, ભરતભાઈ ઠાકોર, ઈબ્રાહીમભાઈ મલેક, અશોકભાઈ જોષી, કાન્તાબેન શ્રીમાળી તેમજ ડૉ. ઉમાકાન્ત પંડ્યા, સહિત શહેરના પ્રતિષ્ઠિત નાગરિકો, પત્રકાર મિત્રો અને ન.પા. ચીફ ઓફિસર યુ.ડી. સિન્ધા, ઓ.એસ. પરેશભાઈ પઢિયાર, સેની. ઈન્સ. એલ.બી. સોલંકી, એમ.એ. શેખ તેમજ નગરપાલિકાના તમામ સ્ટાફ તથા સેની. સફાઈ કર્મચારી સ્ટાફ હાજર રહેલ. આ પ્રસંગે બાજુમાં આવેલ નેતાજી સુભાષચંદ્ર બોઝની પ્રતિમાને ફુલહાર ચઢાવી શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવેલ હતી.

# વાવ ધારાસભ્ય શંકરભાઈ ચૌધરીનો મત વિસ્તારમાં પ્રવાસ યોજાયો

## અધિકારીઓને સાથે રાખી ગ્રામજનોના પ્રશ્નોનો સ્થળ પર નિકાલ

પાલનપુર, તા.૨

વાવ વિસ્તારના ધારાસભ્ય શ્રી શંકરભાઈ ચૌધરીએ પોતાના મત વિસ્તારના મોરવાડા, હરસડ, લિંબોણી, રડોસણ, મેઘપુરા, પાડણ વોડેમ, કરમણીયા ડેમ, ભારાતળાવ, ચતરપુરા, અસારા, મુળાબેટ, ડાભી, સોનેથ, લાલપુરા, એટા, કુંભારખા, ભયાસણા, દેથળી, મોરીખા, ધરાદરા, દેવપુરા વિગેરે ગામોનો પ્રવાસ કરીને અધુરી કેનાલના કામો પૂર્ણ કરવા, તળાવો ઉંડા કરવાની કામગીરી, તૂટેલા ચેકડોમોનું રીપેરીંગ, પાણીના શુધ્ધીકરણ પ્લાન્ટનું નિરિક્ષણ વિગેરે કામો માટે સરકારી અધિકારીઓને સાથે રાખી ગ્રામજનોની રજુઆતો સાંભળી સ્થળ પર જ પ્રશ્નોનો નિકાલ કરવાની



સુચનાઓ આપી હતી.

ધારાસભ્યશ્રી સાથે સ્થાનિક ભાજપના પદાધિકારીઓ શ્રી ગુમાનસિંહ ચૌહાણ, શ્રી ઉમેદદાન ગઢવી, શ્રી દેવજીભાઈ પટેલ, શ્રી સરતાનભાઈ દેસાઈ, શ્રી પીરાભાઈ ગામોટ, શ્રી હરજીભાઈ રાજપૂત, શ્રી નરસિંહભાઈ ભાટા, શ્રી રામચંદ્રજી ઠાકોર, શ્રી ધનજીભાઈ ગોહીલ, શ્રી અણદાજી ઠાકોર, શ્રી દાંનાજી ચાવડા, શ્રી મહાદેવભાઈ ડોકટર, શ્રી ખેમજીભાઈ ચૌધરી, શ્રી ભગવાનભાઈ વ્યાસ વિગેરે અને વિવિધ કચેરીના સરકારી અધિકારીઓ જોડાયા હતા.

# મહેસાણા જિલ્લાના મોઢેરા ખાતે ઉત્તરાર્ધ મહોત્સવ યોજાશે

મહેસાણા, તા. ૨

મહેસાણા જિલ્લાના મોઢેરા ખાતે તારીખ ૨૦ અને ૨૧ જાન્યુઆરીના રોજ ૨૦૧૪ને સોમવાર અને મંગળવારના રોજ ઉત્તરાર્ધ મહોત્સવ યોજાનાર છે. આ મહોત્સવ ૧૯૯૨થી રાજય સરકાર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ઉજવવામાં આવે છે. સૂર્યનો મકરરાશીમાં પ્રવેશ થવાથી સૂર્યમંદિરની પુજા સાથે સંકળાયેલા મોઢેરા સુર્યમંદિરના પટાંગણમાં સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાય છે.

# મોટેરા રોડ પર ડમ્પરની ટક્કરથી એકનું મોત થયુ

અમદાવાદ, તા.૦૨

શહેરના મોટેરા રોડ પાસે આવેલ સૃષ્ટિ આર્કેટ સામે આજે સવારે ડમ્પરે બાઈકચાલકને અડફેટે લીધો હતો. આ અકસ્માત બાદ ઈજાગ્રસ્ત બાઈકચાલકને ૧૦૮ એમ્બ્લુન્સ મારફતે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો જયાં હોસ્પિટલમાં ફરજ પરના ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો.

બાઈક ચાલકનું નામ ગીરધારીલાલ જવાહરભાઈ સાલવી (ઉ.૨૪) હોવાનું જાણવા મળ્યું છે. ઘટના બાદ ડમ્પર ચાલક ડમ્પર (જીજે-૧-સીટી-૫૮૩૯) મુકીને ફરાર થઈ ગયો હતો. ચાંદખેડા પોલીસે આ અંગેનો ગુનો દાખલ કરી આરોપીને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે. બીજી તરફ શહેરના નરોડા વિસ્તારના નરનારાયણ પાર્કમાં રહેતા અરવિંદભાઈ મકવાણા ગત સાંજે કૃષ્ણનગર બીઆરટીએસ બસ સ્ટેન્ડ સામે જોગણી માતાના મંદિર આગળથી ચાલતાં પસાર થઈ રહ્યા ત્યારે એક લોડીંગ રીક્ષાના ચાલકે રીક્ષા બેદરકારીથી ચલાવી અરવિંદભાઈને ટક્કર મારી માથાના ભાગે ઈજા પહોંચાડી હતી ત્યારબાદ અરવિંદભાઈને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં ફરજ પરના ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા.

# વિવિધ માંગોને લઈ ૪૦૦૦ કર્મીઓની હડતાળ હજુ જારી

મ્યુનિસિપલ કોર્પોરેશનના ૪૦૦૦ જેટલા કર્મચારીઓ કાયમી નોકરીએ કરવા માટે બે દિવસ અગાઉ હડતાળ ઉપર ઉતર્યા હતા. આજે ત્રીજા દિવસે પણ મ્યુનિ. કોર્પોરેશનના કર્મચારીઓની હડતાળ યથાવત છે. ગુજરાત મજદૂર સભા પ્રેરિત મ્યુનિ. કોર્પોરેશનના ચોથા વર્ગના સફાઈ કર્મચારીઓ સવારે જોધપુર ગામ પાસે મ્યુનિ. સત્તાવાળાઓએ પોલીસ બંદોબસ્ત ગોઠવીને કચરાના ઢગલા ઉપાડવાનો પ્રયત્ન કરતા તેમજ મહિલા સફાઈ કર્મચારીઓએ રસ્તા પર આડા પડીને ટ્રેક્ટર રોકવાનો પ્રયાસ કરતાં પોલીસને બોલાવવી પડી હતી. આ પગલાના વિરોધમાં સેટેલાઈટ પોલીસ સ્ટેશને આશરે ૨૦૦ જેટલા કર્મચારીઓને ઘેરાવ કર્યો હતો.



## પાલનપુરમાં આમ આદમી પાર્ટી દ્વારા મતદાર જાગૃતિ ઝુંબેશ યોજાઈ

દિલ્હીમાં આમ આદમી પાર્ટીના અરવિંદ કેજરીવાલ મુખ્યમંત્રી બન્યા પછી સમગ્ર દેશભરમાં 'આપ' પ્રજામાં ભારે લોક ચાહના મેળવી રહી છે ત્યારે ગુજરાતના સરહદી બનાસકાંઠા જિલ્લામાં પણ લોકો આપ પ્રત્યે આકર્ષાઈ રહ્યા છે. પાલનપુર શહેર તથા ધાનેરા શહેરમાં આમ આદમી પાર્ટીએ ગંદા વિસ્તારની સફાઈ કરી લોકપ્રિય બન્યા બાદ આજે મતદાર જાગૃતિ સંદર્ભે પાલનપુર શહેરના જોરાવર પેલેસ બહાર કલેકટર કચેરી નજીક આમ આદમી પાર્ટીની સફેદ ટોપી ધારણ કરી શહેરીજનોને આગામી લોકસભાની ચૂંટણી અગાઉ જાગૃત બને અને મતદાન કરે તેમ પ્રજાજનોને ભારપૂર્વક માહિતી પુરી પાડી હતી.

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# બનાસકાંઠામાં થર્ટી ફર્સ્ટની ઉજવણી કરતા ૩૭ દારૂડીયા ઝડપાયા

પાલનપુર, તા.૨

બનાસકાંઠા જિલ્લા પોલીસે થર્ટી ફર્સ્ટની ઉજવણીમાં દારૂ પી છાટકા બનેલા કુલ ૩૭ દારૂડીયાઓને ઝડપી પાડયા હતા ઉપરાંત ૬૬ કેસો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

સરહદી બનાસકાંઠા જિલ્લાના પોલીસે થર્ટી ફર્સ્ટની ઉજવણીમાં અતિરેક ના થાય તે માટે એસ.પી. અશોક યાદવે એકશન પ્લાન બનાવ્યો હતો અને વિવિધ પોઈન્ટો પર પોલીસ ગોઠવી દીધી હતી અને પોલીસે રાજસ્થાન સરહદ તરફથી ગુજરાતમાં પ્રવેશતા પોઈન્ટો પર ચેકીંગ હાથ ધર્યું હતું અને કુલ ૭ વ્યકિતઓને ઝડપી પાડયા હતા જયારે અન્ય ૩૦ વ્યકિતઓને પાલનપુર ડીસા વિગેરે સ્થળેથી પીધેલી હાલતમાં પકડી પાડયા હતા જયારે અન્ય ૨૯ દારૂના કેસો કર્યા હતા અને તમામ વિરૂધ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# ભિલોડાના રીંટોડા પાસે બોલેરો જીપની ટક્કર વાગતાં આધેડનું મૃત્યું

ભિલોડા,તા.૨

અરવલ્લી જીલ્લાના ભિલોડા પાસેના રીંટોડા ગામે તા.૨૪/૧૨/૨૦૧૩ ના રોજ સમી સાંજે બોલેરો ગાડી નંબર.જી.જે.૨૦.વી.૯૦૪૦ ના ચાલકે જીપ પુરઝડપે બેદરકારી રીતે હંકારતા રોડ ક્રોસ કરતાં શંકરભાઈ ધર્માભાઈ બરંડા,ઉ.વ. ૭૦ નાઓને ટક્કર મારી અકસ્માત કરતાં શરીરે ગંભીર ઈજાઓ થતાં ભિલોડા સીવીલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયા હતા જ્યાંથી તેમને વધુ સારવાર અર્થે હિંમતનગર સીવીલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા પરંતુ તેઓની હાલત વધુ ગંભીર હોવાના કારણે અમદાવાદ સીવીલ હોસ્પિટલમાં એમ્બ્યુલન્સ ધ્વારા લઈ જઈ રહ્યા હતા ત્યારે રસ્તામાં મૃત્યું થતાં આખોય પરીવારે રોકકળ કરી મુકી હતી તે પછી આ ઘટનાની જાણ ભિલોડા પોલીસને કરતાં ભિલોડા પોલીસે વધુ તપાસ આરંભી છે.


આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેકટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ટચુકડી જાહેર ખબર

દર ગુરુવારે-રવિવારે

ગાંધીનગર સમાચાર

ફોન : ૨૩૨૨૨૫૭૧